## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

કરનારા કરી ગયા ને કરોડો મારી ગયા છે,
બામણીના ખેતરે સ્વાર્થનો ટટ્ટુ ચારી ગયા છે,
તારી ગયા છે સાત પેઢી, નહેરૂની ડૂબાડીને -
જનતાનો આક્રોશ જોઇ મનથી હારી ગયા છે..
(કોંગી જનોની હતાશા)

હાઇકુ

ભેંસ બદલે
યમરાજ આવે છે -
સ્કૂલવાનમાં..

વપરાઇ ગ્યાં
ચૂંટણી-મેળા-ઉત્સવે
મેટ્રોનાં નાણાં..

### ચિંતન

*સંનિકર્ષો અત્ર મર્ત્યા નામના દરણ કારણમ્ ।*
*ગાંગં હિત્વા યથાન્યાભ્મસ્તત્રત્યો યાતિ શુદ્ધયે ॥*

'અત્યંત નિકટતા - એ માણસોમાં - માણસો વચ્ચે અનાદરનું એક કારણ પણ બની જાય છે. જેમ કે ગંગાને કાંઠે વસતો માણસ શુદ્ધિ માટે કંઇ રોજ 'ગંગા સ્નાન' કરતો નથી.'

અડોશ-પડોશ અને મૈત્રી સંબંધોમાં અતિનિકટતા આવી જાય ત્યારે ક્યારેક 'આ તો ઘરનાં જ છે' આવો ભાવ આવી જતાં 'અનાદર' થઇ જાય છે જો કે મન-હૃદયમાં એવા અનાદરનો ભાવ ન હોય છતાં 'ગેરસમજ' ઊભી થાય છે તેથી 'અતિનિકટતા' બહુ સારી નહીં -

એવી જ રીતે ગુરૂ-નિષ્યોનાં સંબંધ, શેઠ-નોકરના સંબંધો-સાહેબ-કર્મચારીના સંબંધોમાં લાગણી પ્રેમ માન-સન્માન હોય એ વાજબી છે પણ અતિ-નિકટતાથી માન-મર્યાદા સચવાતાં નથી પરિણામે ક્યારેક 'અંત' બહુ ખરાબ આવે છે.

શેઠ સાચું-ખોટું કરવામાં નોકર પર વિશ્વાસ રાખે અને 'અતિ નિકટતા'થી વર્તે ત્યારે નોકર પણ ક્યારેક મર્યાદાનું ઉલ્લંઘન કરી ન બોલવા જેવા શબ્દો બોલી શેઠના માન-મર્યાદાનું અતિક્રમણ કરે છે.

અરે પતિ-પત્નીમાં પણ અતિ-પ્રેમ-નિકટતા જરૂરી હોવા છતાં પણ એકમેકનું 'સ્વમાન' સાચવવા જેટલું અંતર જરૂરી છે.

ગંગા કાંઠે-અતિ નિકટ રહેનારાને ગંગાજીના પવિત્ર્યનું મહત્ત્વ રહેતું નથી એવું અહીં દૃષ્ટાંત આપ્યું છે.

### સુવિચાર

- મન, વાણી, કર્મ અને શરીરથી સંપૂર્ણ સંયમમાં રહેવાનું નામ જ બ્રહ્મચર્ય - ***મહાવીર***
- બસ એ જ સંબંધ સાચા.. જેની પાસે સ્વયં ખૂલતી હોય વાચા - ***રામસંગ***
- ફરજ સારા માર્ગે દોરી જાય છે, પરંતુ લગન તે માર્ગને સુંદર બનાવે છે - ***જર્મન કહેવત***
- 'આહ' સાથે નહીં, 'વાહ' સાથે જીંદગી જીવવામાં જ જિંદાદિલી છે - ***એસ. ભટ્ટાચાર્ય***
- બહારની ગરમી ઓછી કરવા માટે એ.સી. છે પણ અંદરની બળતરાનું શું? પ્રભુભક્તિમાં લીન થાવ... બળતરા જતી રહેશે - ***મોરારિ બાપુ***
- પ્રશંસાના ભૂખ્યા એ સાબિત કરી દે છે કે તેમનામાં લાયકાતનો અભાવ છે - ***માનસ સૂત્ર***
- લગ્ન હોય ત્યાં મર્યાદા હોય, મર્યાદા હોય ત્યાં સદાચાર, શિષ્ટતા તેમજ નીતિ હોય છે અને નીતિ હોય ત્યાં ધર્મ - ***જીન સૂત્ર***

***(સંકલન : દીપક વી.આસરા)***

### બોધ કથા

ઘણીવાર પરિવારોમાં સગપણ-ચાંલ્લા વિધિ થઇ ગયાં હોય પણ લગ્ન પહેલાં જો એકાદ પાર્ટી નબળી પડી જાય તો બીજી પાર્ટી કોઇને કોઇ બહાનાં બતાવી સંબંધો ફોક કરી તોડી નાખે છે. આવું જ વેપારીક સોદાઓ અને મૈત્રી સંબંધોમાં પણ બનતું હોય છે. આ 'પ્રમાણિકતા' નથી. નર્યો સ્વાર્થ છે. સંબંધો-વચનો હૃદયથી અપાય મુખના-સ્વાર્થનાં ન હોઇ શકે.

રાજેશ ખન્નાએ, નિર્માતા-નિર્દેશક ચિનપ્પા દેવરે સાથે 'હાથી મેરે સાથી' ફિલ્મ માટે કરાર કરી રાખ્યા હતા અને 'આરાધના' નું શૂટીંગ ચાલુ હતું. આરાધના પૂરી થાય પછી 'હાથી મેરે સાથી' નું કામ શરૂ કરવાનું પણ નક્કી થયું હતું.

જોગ-સંજોગ રાજેશ ખન્નાની 'આરાધના' ખૂબ જ હીટ થઇ ગીતો અને અભિનય ખૂબ વખણાયા. અને રાજેશ ખન્ના 'સુપર સ્ટાર' સ્થાપિત થઇ ગયો, અને કેટલાય પ્રોડ્યુસરો-નિર્દેશકો તેને બૂક કરવા પડાપડી કરવા તેને બદલે લાઇન લગાવી બેઠા હતા..

ત્યાં ચિનપ્પા દેવરેને 'હાથી મેરે સાથી' નું કામ શરૂ કરવા અને તારીખો નક્કી કરવા, એ પણ રાજેશને મળવા આવ્યા અને ડરતાં ડરતાં કહ્યું, ખન્ના સાહેબ, તમે હજુ પણ 'જૂની ફી' જે નક્કી થઇ છે એ પ્રમાણે જ મારી ફિલ્મમાં કામ કરવા તૈયાર છો ને?

રાજેશ ખન્નાએ સ્મિત સાથે દેવરેને ભેટી જવાબ આપ્યો. અરે દેવરે સા'બ આ શું બોલ્યા? જે આરાધના ફ્લોપ ગઇ હોય તો શું તમે મારી ફી ઘટાડવાના હતા?! અને 'હાથી મેરે સાથી' નું કામ શરૂ થયું.

Email - sureshchandrabhatt18@gmail.com

# એક વિદેશીની ગીતા-ઉપાસનાને સ્મરણાંજલિ

## આજે ગીતા જયંતિ

- રશ્મિકાન્ત મહેતા

ઇ.સ. ૧૭૮૫માં ભગવદ્‌ગીતાનો સૌ પ્રથમ અનુવાદ અંગ્રેજીમાં ચાર્લ્સ વિલ્કિસ (Charles Wilkins) દ્વારા થયેલો છે. ત્યારથી પશ્ચિમને ગીતાનો ખ્યાલ હતો. જૂન મસ્કારો (Juan Mascaro) ચૌદ વર્ષની વયે ગીતા વિષે સાંભળતા થયા. પરંતુ અંગ્રેજી તેમની માતૃભાષા ન હતી. તેથી તેઓ કેમ્બ્રિજમાં આવ્યા. અહીં તેમણે સંસ્કૃત પાલી અને અંગ્રેજી - ત્રણેયનો અભ્યાસ કરીને તેમાં નિપુર્ણતા મેળવી. ઇ.સ. ૧૯૪૨માં એમણે ગીતાનો અંગ્રેજી અનુવાદ શરૂ કર્યો અને લાગલગાટ વીસ વર્ષ સુધી આ અનુવાદકાર્ય ચાલ્યું. પ્રત્યેક શ્લોકના અનુવાદને એમણે વધુમાં વધુ વીસવાર મઠાર્યો છે અને પોતાને સંતોષ થાય પછી જ છોડ્યો છે. ફેબ્રુઆરી - ૧૯૬૨ માં આ કાર્ય સંપન્ન થયું. ત્યારે પૅંગ્વીન (Penguin) પ્રકાશન સંસ્થાએ પોતાની પ્રશિષ્ટ ગ્રંથો (Classics) ની શ્રેણીમાં આ જ વર્ષે એનું પ્રકાશન કર્યું. ત્યાર પછી તો આ પ્રકાશન ગૃહે જૂન મસ્કારોના ઉપનિષદો અને ધમ્મપદના અનુવાદો પ્રકાશિત કર્યા. ગીતા અંતે તો 'ઉપનિષદ રૂપી ગાયોની દૂધ અમૃત' જ છે અને ધમ્મ પદ સાથે એને પ્રગાઢ સામ્ય છે. ઇ.સ. ૧૯૮૬માં જૂન મસ્કારોનું અવસાન થયું. એ વખતે 'ટાઇમ્સ'માં નોંધ લેવાઇ. 'એમનું અનુવાદકાર્ય અનુપમ અને અદ્‌ભૂત રહ્યું છે કારણ કે તેનામાં સારા અનુવાદક તરીકેની સજ્જતા આ ત્રણ ગુણોને કારણે છે :

***(૧) શબ્દ પ્રભુત્વ***
***(૨) સંસ્કૃતનું જ્ઞાન***
***(૩) મર્મને પામવાનું સંવેદન***




પોતાની માતૃભાષા નથી, તેમ છતાં વિશુદ્ધ અને કાવ્યાત્મક અંગ્રેજીમાં તે કાવ્યનો મર્મ ઉઘાડી આપે છે તેમાંથી સમગ્ર વિશ્વમાં હાજરો વાચકો અભિભૂત છે.' ઇ.સ. ૨૦૦૩માં આ ભગવદ્ ગીતાની બીજી આવૃત્તિ પૅંગ્વિન દ્વારા પ્રકાશિત થઇ. તેની સાથે સિમોન પિયર્સ બ્રોડબેક (Simon Pearse Brodback) ની પ્રસ્તાવના છે. ડો. સિમોનને 'ગીતાના નિષ્કામ કર્મયોગ' ઉપર કેમ્બ્રિજમાંથી પીએચ.ડી.ની પદવી મળેલી છે.

એમનું "ગીતા ચિંતન" આપણને હેરત પમાડે તેવું છે. તે આ રીતે છે - "દુનિયાભરમાં લાખોની સંખ્યામાં માત્ર હિંદુઓ જ નહિ, હિન્દુ સિવાયની પ્રજાઓ પણ ગીતાને પોતાના જીવનમાં એક પથદર્શક તરીકે મહત્ત્વનું સ્થાન આપે છે અને આ સંખ્યામાં ઉત્તરોત્તર વધારો લાગે છે. કેટલાય યુરોપ અને અમેરિકાના કવિઓ અને તત્ત્વજ્ઞાનીઓએ આમાંથી પ્રેરણા લીધેલી છે. લંડનથી ઇ.સ. ૧૯૯૦ માં પીસાડોર (Picador) ની નવલકથા "ધ ઇવનિંગ રેડનેસ ઇન ધ વેસ્ટ" પ્રકાશિત થઇ છે એનું વિચારસૂત્ર ગીતા છે. હિંસાથી ત્રસ્ત આજના યુગને ગીતાનું ચિંતન શાંતિ આપે તેમ છે. સમગ્ર વિશ્વને શાંતિ અને પ્રેમનો સંદેશો આપતી ગીતા પોતે જ એક આધ્યાત્મિક કાવ્ય છે. બીથોવન (Beethovan)નાં સંગીતમાં ભગવદ્‌ગીતાનું સત્ત્વ પ્રગટ થાય છે; તેથી જ આપણને મંત્રમુગ્ધ કરે તેવી તરજો સાંભળવા મળે છે. ગીતાના છઠ્ઠા અધ્યાયમાં પ્રાર્થનાનું મહત્ત્વ છે. તેનું સામ્ય મધર ટેરેસાના ગુરૂ સેન્ટ પિટરના ઉપદેશ સાથે છે. વિષયોમાંથી ઇન્દ્રિયોને કાચબાની જેમ સંકોરી લેવી (૨-૫૮) જેમ ગીતાની ઉક્તિ છે. ત્યારે મધર ટેરેસાને કાચબાના પ્રતિકથી જ આ વાતને સમજાવી છે. માત્ર પ્રેમ દ્વારા જ ઇશ્વરને પામી શકાય છે (૧૧-૫૪).ગીતાનો આ વિચાર છે. સોક્રેટિસ પણ કહેતા કે પ્રેમ તો ઇશ્વર અને મનુષ્ય વચ્ચેનો સેતુ છે. કર્મનો સિદ્ધાંત જે રીતે ગીતા સમજાવે છે તેનું ઉદાહરણ હોમરના ઓડિસી (Odyssey) ના છઠ્ઠા પ્રકરણમાંથી મળે છે. નોસિકા અને તેની દાસી નદી કિનારે પોતાના કપડા ધૂએ છે. તેનાથી એમને આનંદ મળતો હોય છે. પોતાને ભાગે જે કામ આવે તે આનંદથી કરવું, આ પ્રભુપ્રીતિ અક્ષય જ છે. સમગ્ર પદાર્થોમાં ઇશ્વરના દર્શન કરવા - ગીતાનું આ કથન દાન્તેના પેરેડાઇઝ (Paradice)ના વિચારને અનુરૂપ છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા તો અંતઃપ્રકાશ અને પ્રેમ તેમજ અનાસક્ત કર્મની આચારસંહિતા છે; જીવન પ્રત્યેના આશાવાદી વિધેયાત્મક અભિગમનો દસ્તાવેજ છે."

આજના ગીતાજયંતિ દિવસે ગીતાના સન્નિષ્ઠ ઉપાસક જૂન મસ્કારોને ભાવભીની સ્મરણાંજલિ.

# પ્રાર્થના એ સર્વ દુઃખોની દવા અને સર્વ સુખોની ખાણ છે

## વીણેલા હીરા-માણેક મોતી

- લક્ષ્મી વાધવાણી (નિરંકારી)

વાંસના ટુકડાને તીક્ષ્ણ ધારાવાળા ચપ્પુથી ધારદાર બનાવીને કોઇને પણ ઘાયલ કરી શકાય છે, જ્યારે એ જ ચપ્પુથી એ વાંસના ટુકડાને વાંસળીનું રૂપ પણ આપી શકાય છે. જે સાંભળનારાના મન મોહી લે છે. કોઈપણ ચીજ પોતે ખરાબ કે સારી હોતી નથી, પરંતુ તેનો ઉપયોગ સારા અથવા ખરાબ ઢંગથી કરી શકાય છે.

બીજું ઉદાહરણ લઈએ એક સિપાહીને બંદૂક કે લાકડી આપો તો તે બંદૂક દેશની કે દેશવાસીઓની રક્ષા કાજે વાપરશે જ્યારે એ જ બંદૂક કોઈ ગુંડા, મવાલી કે ડોનના હાથમાં આવી ચડે તો તેનો ઉપયોગ એ નિર્દોષોની જાન લેવા માટે કરશે. આમ, દરેક સિક્કાની બે બાજુ હોય છે. તે રીતે આપણી બુદ્ધિ, મન પણ અલગ અલગ રીતે વિચારે છે અને તે રીતે તે ચાલે અને ચલાવે છે.

મનને કઈ બાજુએ વાળવું તે સમજવાનું કામ સત્સંગથી સરળ થઈ પડે છે. એકવાર એક ફકીરને કોઈકે પ્રશ્ન કર્યો કે તમારા જીવનમાં આટલો બધો આનંદ કેમ છે? મારા જીવનમાં કેમ નથી? ફકીર ગરીબ હતો પણ નિયમિતપણે સત્સંગ કરતો હતો માટે સંતોષી જીવ હતો. ફકીર તેને જંગલ તરફ લઈને ગયો અને બોલ્યો જુઓ આ ઘાસનું પાંદડું પણ એટલા જ આનંદથી હવામાં ડોલી રહ્યું છે જે આનંદથી મોટું દેવદારનું ઝાડ, એમણે ફરી કહ્યું આ ઘાસનું ફૂલ પણ એ જ આનંદથી ખીલી રહ્યું છે કે જે આનંદથી ગુલાબનું ફૂલ. પરંતુ ગુલાબના અને ઘાસના ફૂલ વચ્ચે કોઈ તુલના કે કોઈ હરિફાઈ નથી. બંને પોતપોતાના આનંદમાં મગ્ન છે. બસ એ જ અંતર તમારી અને મારી વચ્ચે છે. કે હું પોતે મારી અવસ્થામાં રાજી છું અને તમે તમારી અવસ્થામાં રાજી છો જ્યાં તુલના થાય ત્યાં અમીરથી પણ અમીર ગરીબ બની જાય છે. સત્સંગથી સમભાવ પેદા થાય છે.

પ્રાર્થના એ સર્વ દુઃખોની દવા અને સર્વ સુખોની ખાણ છે. આપણે હંમેશા જોયું/અનુભવ્યું છે કે દવા કરતા દુઆ/પ્રાર્થના વધુ અકસીર નીવડતી હોય છે માટે જ દરેક દવાખાનાઓમાં/ મોટી હોસ્પિટલોમાં ભગવાનનું મંદિર/ફોટા અવશ્ય જોવા મળશે. ડોકટરો પણ જ્યારે આશા ગુમાવી બેસે ત્યારે આશ્વાસન આપે છે અમે બનતા પ્રયત્નો કર્યા પણ હવે તો ભગવાન જ આમને બચાવી શકશે એવું અવારનવાર જોવા/જાણવા મળ્યું છે. માટે જ જીવનમાં પ્રાર્થના/સ્મરણ ને મહત્વનું સ્થાન આપવું જોઈએ, પણ આપણે જોઈએ છીએ કે સુખમાં ભાગ્યે જ ઈશ્વર યાદ આવે છે પણ દુઃખમાં પહેલા ભગવાન યાદ આવે છે. પણ જો પ્રાર્થનાને સ્પેર વ્હીલને બદલે સ્ટીઅરીંગ વ્હીલનું સ્થાન આપીએ તો દુઃખ નજીક પણ ના ફરકે કારણ સ્ટીઅરીંગ વ્હીલ બરાબર સંભાળીએ તો અકસ્માતનો કોઈ ભય નથી હોતો અને સ્પેર વ્હીલની પણ ભાગ્યે જ જરૂર પડે છે માટે જ પ્રાર્થનાને જીવનમાં પ્રાથમિકતા (ટોપ પ્રાયોરીટી) આપવી જોઈએ. પ્રાર્થના ખસે તો બીજા બધા આગળ આવી શકે ને?

છેલ્લે 'કિતના અજીબ હૈ હમેં અપને જ્ઞાનકા તો અભિમાન હૈ પર અપને અભિમાન કા જ્ઞાન નહિ હૈ.'

# નેલ્સન મંડેલા : રાખમાંથી આગ પેદા કરી ગયેલો માણસ...

## કોફી હાઉસ

- ઉત્સવ પરમાર

નેલ્સન મંડેલા, ૧૮ જુલાઈ ૧૯૧૮ ના દિવસે આફ્રિકા ની ધરતી પર પેદા થયેલો આ શખ્સ વિશ્વ ઈતિહાસમાં પોતાના કળા રંગ ની છાપ છોડી જવાનો હતો , એ કાળો રંગ જેની ઉષ્મા એ આફ્રિકાના દક્ષિણી ભાગ માં ક્રાંતિ નો પવન ફૂંકી દીધો! આફ્રિકા ના ઝહોસા (Xhosa) કુલ માં જન્મેલા મંડેલા નું વાસ્તવિક નામ રોલીલ્હાલ્હા હતું જેનો આફ્રિકી મતલબ ઝાડ ની ડાળ ખેંચવી એવો થાય પણ અંગ્રેજો તેનો મતલબ મુસીબત પેદા કરનાર તેવો વાપરતા! નેલ્સન એ આફ્રિકન નામ નથી , આફ્રીકી સ્કૂલો માં પેસી ગયેલી ઉપનિવેશી આદતો ની અસર નીચે એક શિક્ષકે તેને 'નેલ્સન' નામ આપ્યું અને આ જ નામ જગ મશહુર થયું , જે આજ દિન સુધી ગુંજી રહ્યું છે!

●●●

આફ્રિકા નો ગાંધી કહેવાયેલો આ માણસ ભારત રત્ન નેલ્સન મંડેલા ના ૨૭ વર્ષ ના જેલવાસ ની વાત દુનિયા ભર માં એક દંત કથા સમાન છે! આ લખનાર ની પૂરી ઉમર પણ ૨૭ વરસ નથી .....

●●●

આફ્રિકન નેશનલ કોંગ્રેસ માં રહી ને રંગભેદ ના નામે થતા અત્યાચારો સામે બાથ ભીડનાર આ જાંબાઝ આદમી એ બ્રિટીશરો ને જાહેર માં ક્ષમાદાન આપેલું... ક્ષમા આપવા માટે -તિશોધ લેવા કરતા વધુ તાકાત જોઈએ ??



●●●

મંડેલા પર ચાલેલા રાષ્ટ્રદોહ નો વિખ્યાત મુકદમા રીવોનિયા ટ્રીઝન કેસ માં દલીલો આપતા નેલ્સન મંડેલા એ બચાવ માં રજુ કરેલી ત્રણ કલાક લાંબી ઐતિહાસિક અને સુવિખ્યાત ભાષણે આફ્રિકી વાસી ઓ સામે લોકતાન્ત્રિક આદર્શો માટે ફના થઈ જવાની ખુમારી આપી ... મંડેલા ની ખ્યાતી કોર્ટ રૂમ માં થી આખા દેશ માં પેહલા કરતા વધુ તીવ્રતા થી -સરી રહી હતી!

લોકોને વિપ્લવ માટે -રવા બદલ કોર્ટે તેમને તથા તેમના સાથીઓ ને આજીવન કારવાસ ની સજા આપી ! મ્રત્યુ દંડ થી બચવાનો ઉત્સાહ જેવો તેવો નહતો! સજા પામનાર અન્ય કેડી સાથીઓ માં ગુજરાત ના સુરતી પરિવાર નો અહમદ કથરાડા પણ હતો , જેની ભાગ્ય રેખા ઓ માં પણ નેલ્સન મંડેલા જેટલો જ લાંબો કારાવાસ લખ્યો હતો!

●●●

રોબેન દ્વીપ ની બેરહમ સલાખો નવા કેદીઓ ની રાહ જોઈ રહી હતી

●●●

એક ડકોટા વિમાન માં મંડેલા સહીત ના કેદીઓ ને ઠુંન્સવા માં આવ્યા ત્યારે તેઓ ને જરા પણ કલ્પના નહિ હોય કે તેઓ વર્ષો સુધી આફ્રિકા ની મુખ્ય ભૂમિ નહિ જોઈ શકે! રોબેન દ્વીપ ની એક કામચલાઉ એર-સ્ટ્રીપ પર પ્લેન ઉતર્યું ત્યારે ઠંડી હવાઓ સાવ આછા ને પાતળા કપડા માં રહેલા કાળા શરીરો ને ધ્રુજાવી રહી હતી! નેલ્સન મંડેલા કેદી નમ્બર ૪૬૬/૬૪ એ કેદીઓ ની સૌથી છેલ્લી ડી કક્ષા નો કેદી હતો , જેને દર ૬ મહીને એક મુલાકાતી તથા એક પત્ર મળી શકતો, જેના પર પૂરી નિગરાની રહેતી! કેદી ઓ ને તેમના જેલ ના કપડાં મળ્યા , જેમાં અહમદ કથરાડાસિવાય ના તમામ ને ટૂંકી ચડ્ડી મળી અને કથરાડા ને ફૂલ પેન્ટ કેમ કે તે ભારતીય મૂળ નો હતો! એક સાડા છ ફૂટ થી સહેજ વધારે ચાઈ ધરાવતા મંડેલા એ જીવન ની દુ:ખદ ક્ષણો માત્ર આઠ ઉંચી કોઠરી માં એકલા પસાર કરવાણી હતી . માણસ ને માણસ ગણવાની -થા એ નિર્જન ટાપુ પર કદાચ નહિ હોય ત્યાં (ચાવલ ના પાણી , સોલીટરી કન્ફાઈન્મેન્ટ અને રોબેન દ્વીપ પર ના અનુભવો વિષે આવતા અંકે ...)

●●●

મંડેલા ને જયારે કેદ થઈ ત્યારે તેની દીકરી ઝીડ્ઝી માત્ર ત્રણ વર્ષ ની જ હતી ...અને જયારે મંડેલા જેલ માં થી બહાર આવ્યા ત્યારે તે લગભગ ૩૦ વરસ ની!

●●●

૧૯૯૦ માં એ ક્ષણ આવી જયારે જેલ ની સલાખો પાછળ રહી ગઈ અને દુનિયા નો ઈતિહાસ કરવટ લઈ રહ્યો હતો! બર્લિન ની દીવાલ તૂટી ચુકી હતી અને સોવિયેત રશિયા ના સામ્યવાદી ટુકડા થવાના હતા! મંડેલા ઉર્ફ દોસ્તો જેને પ્યાર થી મડીબા કહેતા... દુનિયાભર ની એક ખ્યાતનામ હસ્તી બની ચુક્યા હતા!

લાખો લોકો અને દુનિયાભર નું મીડિયા તેમના સ્વાગત માટે ઉભું હતું! સમર્થકો એ તેમના ફોટો -િન્ટ ધરાવતા ટી-શર્ટસ પેહર્યા હતા ! અલબત આ તસ્વીર ૧૯૬૩ ની હતી! આફ્રિકા ગુલામી ની બેડીઓ તોડી ચુક્યું હતું !

●●●

દુનિયા ને સહનશીલતા અને આત્મબળ ની આનોખી તાકાત બતાડનાર જિંદાદિલ શખ્સો કદી મરતા નથી...એમના વિચાર એમને લોકો ના ઝહેન માં થી મરવા દેતા નથી...

**દુનિયાને સહનશીલતા અને આત્મબળ ની આનોખી તાકાત બતાડનાર જિંદાદિલ શખ્સો કદી મરતા નથી...એમના વિચાર એમને લોકોના ઝહેનમાંથી મરવા દેતા નથી...**

# વૃંદાને સખ્ત આઘાત લાગે છે કારણ કે એક તો પતિ ગુમાવ્યાનો અને બીજો પોતાના પિયર પક્ષ તેમજ સાસરા પક્ષોનો બિલકુલ આધાર નહિ

## લઘુકથા
### સ્ત્રી શકિતની મહાનતા

- નિરંજન ઓઝા

ભાવનગર શહેરના ઘોઘા સર્કલ પાસે આવેલ શાંતિકૂંજ એપાર્ટમેન્ટમાં પ્રો. ગુલાબ રાય રહે છે. તેઓ છેલ્લાં ૨૦ વર્ષથી કોલેજમાં સેવા આપી રહ્યા છે. જયારે તેમનાં ધર્મપત્ની રમીલાબેન ઘરકામ તથા મહિલાઓની પ્રવૃત્તિ કરે છે. લગ્નનાં ઘણા સમય પછી તેમને ત્યાં વૃંદા નામે લક્ષ્મી દેવીની પધરામણી થઇ હતી. એક તો દીકરી, તેમાં પાછું ઘણાં જ સમય પછી પધરામણી જેને લીધે વૃંદા પહેલાથી લાડકોડમાં ઉછરી હતી. વૃંદા ભણવામાં હોંશિયાર તેમજ ઇત્તર પ્રવૃત્તિમાં ઘણી જ અગ્રેસર હતી. સ્કૂલના દરેક પ્રોગ્રામમાં વૃંદાની એક આઇટમ તો હોય જ, જેને લીધે સ્કૂલ તેમજ તેઓ જયાં રહેતા એ વિસ્તારમાં ઘણો જ ઊંચો પ્રતિભાવ ધરાવતી હતી. સ્કૂલનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી, ભાવનગરની સારામાં સારી તથા જૂનામાં જૂની સર શામળદાસ કોલેજમાં આર્ટ્સના અભ્યાસમાં પ્રવેશ મેળવ્યો હતો, ત્યાં પણ વૃંદાએ સારી નામના મેળવી હતી, કોલેજમાં તેને મિત્રોની સંખ્યા ઓછી હતી પરંતુ તે આર્ટ્સના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતાં નરેનની મિત્રતા વધારે પસંદ કરતી કારણ કે નરેન ભણવામાં ઘણો જ હોંશિયાર હતો. કોઇ કોઇ વખત નાસ્તા માટે વૃંદા કંપની આપતી. આમ વૃંદા-નરેનનો ગાઢ સંબંધ પ્રેમમાં ફેરવાતા વાર લાગી નહિ. નરેન કોઇ કોઇ વખત વૃંદાના ઘરે પણ મળવા જતો જે ઘરનાં રહિશોને પસંદ ન હતું. વૃંદાએ આર્ટ્સનું ત્રીજું વર્ષ પુરૂં કર્યા પછી નરેન સાથે લગ્નનો પ્રસ્તાવ તેની મા સામે રજૂ કર્યો જેને કચવાતા મન સાથે પોતાના પતિને રજૂ કર્યો તેથી પ્રો. ગુલાબરાય ધુવાપુવા થઇ ગયા કારણ કે પોતાની લાડકી ભણેલ - ગણેલ દીકરી ઇતર જ્ઞાતિમાં લગ્ન કરે તે પ્રોફેસરને પસંદ ન હતું, તેવી જ રીતે નરેશનાં ઘરમાં પણ ઇતર જ્ઞાતિની છોકરી સાથે લગ્નનો સખ્ત વિરોધ થયો. પરંતુ આપણે જાણીએ છીએ તેમ 'મિયા બીબી રાજી તો ક્યાં કરેગા કાઝી' એ પ્રમાણે વૃંદા - નરેન રજીસ્ટર્ડ મેરેજથી જોડાઇ ગયા, બંનેના ઘરવાળાએ સંબંધ કાપી નાખ્યા પરિણામે સગા-સંબંધી કે કોઇની સહાય વિના વૃંદા-નરેન સંસાર આગળ ધપાવવા લાગ્યા. સદનસીબે થોડાં જ સમયમાં ભાવનગરની એક સરકારી કચેરીમાં નરેશને સર્વીસ મળી ગઇ તેથી વૃંદા-નરેનને આર્થિક સહાય શરૂ થઇ ગઇ. લગ્ન જીવનના બે વર્ષ પછી વૃંદા પુત્રને જન્મ આપે છે અને ત્યારબાદ બીજા ત્રણ વર્ષ પછી એક પુત્રીને જન્મ આપે છે. સરકારી સિદ્ધાંત મુજબ 'અમે બે અને અમારાં બે' ને અનુસરીને જીવનનૈયા હંકારે રાખે છે. વૃંદા-નરેન પોતાના બંને સંતાનો માટે ખૂબ જ રસ લે છે. ભાવનગરની સારામાં સારી સ્કૂલ/કોલેજમાં અભ્યાસ કરાવે છે. ત્યારબાદ પુત્ર કોલેજમાં પ્રથમ વર્ષમાં હોય છે અને પુત્રી ૧૦માં ધોરણની પરીક્ષા આપવાની હોય છે ત્યારે એક દિવસ બપોરના સમયે વૃંદાને, નરેન જે કચેરીમાં કામ કરતો હોય છે ત્યાંથી સમાચાર મળે છે કે નરેશને ચાલુ ઓફિસે છાતીમાં દુઃખાવો થવાથી, શહેરની પ્રસિદ્ધ હૃદયરોગની હોસ્પિટલમાં દાખલ કરવામાં આપ્યો છે પરંતુ બે દિવસની સારવારના અંતે નરેનનું અવસાન થાય છે. વૃંદાને સખ્ત આઘાત લાગે છે કારણ કે એક તો પતિ ગુમાવ્યાનો અને બીજો પોતાના પિયર પક્ષ તેમજ સાસરા પક્ષોનો બિલકુલ આધાર નહિ. ફક્ત વૃંદાના માતાનો આધાર એ પણ ફક્ત પુરતો. આમ નિરાધાર વૃંદા, નરેનના આવતાં પેન્શનથી બંને બાળકોનો ઉછેર કરે છે.

સમયને જતા વાર લાગતી નથી, નરેનના અવસાનને ત્રણેક વર્ષ થયા પછી, પુત્ર પુખ્યવયનો થતાં, લગ્ન લેવાય છે. આપણે જાણીએ છીએ તેમ એક સુખી કુટુંબમાં અન્ય કુટુંબની વ્યક્તિનું આગમન થતાં જે મુશ્કેલી/તકલીફો ઊભી થાય છે તેવી જ મુશ્કેલી/તકલીફો ઊભી થતાં, પુત્રને બે વર્ષ પહેલાં જ ભાવનગરની બેંકમાં સર્વીસ મળતાં તેમજ ત્યાંથી જ લોન મળતાં અલગ રહેવાની વ્યવસ્થા પુત્ર કરે છે. જે વૃંદા સહર્ષ સ્વીકારે છે. સમયાન્તરે પુત્રીને પણ સારે ઘેર લગ્ન કરતાં, વૃંદા હવે એકાંકી જીવન પસાર કરે છે.

પુત્ર તથા પુત્રી વાર-તહેવારે પોતાની માતાને મળવાનું રાખે છે. પરંતુ સમય જતાં તે પણ ઓછું થતાં, એકાંત એ હવે રહસ્યોનો ખજાનો હોવાથી, વૃંદાની તબિયત લથડે છે અને વિચારો છે કે પોતે એકલી છે, કોઇનો સહારો નથી અને તબિયત વધારે બગડે તો સેવા કરવાનું કોણ? આ પ્રશ્ને વિચાર કરતા, વૃંદા જીવનનો અંત લાવવાનું વિચારે છે, તદાનુસાર રાત્રે ૧૧ વાગે જયારે નિરવ શાંતિ હોય છે ત્યારે પોતે રહે છે તે ચારમાળની બાલ્કનીએથી કુદકો મારવો, ત્યાર પછી જે થવાનું હોય તે થાય. આમ વિચારી, વચ્ચે મુકેલ ટેબલ પાસે જાય છે એક કાગળ લે છે અને તેમાં લખાણ કરે છે કે 'આ માટે કોઇ જવાબદાર નથી. હું મારી સ્વેચ્છાએ આ પગલું ભરૂં છું.'

- લિ. વૃંદા

આમ લખાણ કરી, કાગળ ટેબલ ઉપર મુકે છે, કાગળ ઉડી જાય નહિ તેથી તેની ઉપર ભાર મુકે છે, કાગળ લખ્યા પછી ધીરે પગલે પોતાના ઇષ્ટદેવ શંકર ભગવાનના ફોટા પાસે આવી પ્રાર્થના કરે છે, ત્યાર પછી તેની બાજુમાં તેની મૃત માતાના ફોટા પાસે આવી પ્રાર્થના કરે છે કે "મારી વ્હાલી મમ્મી, હું બહુ જ વિચારણાના અંતે આ પગલું લઉં છું કારણ કે તું જાણે છે તેમ તારા ગયા પછી મારે પિયર પક્ષ કે સાસરા પક્ષનો આધાર નથી.

***(અનુસંધાન પાના નં. ૬ પર)***